## મહિલા સામખ્ય સોસાયટી-ગુજરાત (શિક્ષણ વિભાગ)

રાજય કાર્યક્રમ નિયામકશ્રીની કચેરી, મહિલા સામખ્ય ગુજરાત ભોયતળિયે, હોસ્ટેલ બિલ્ડીંગ, પોલિટેકનિક કેમ્પસ,આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫. ફોન નં.-૦૭૯-૨૬૩૦૬૦૮૧/૮૩ **E-MAIL :** msgujarat.ahd@gmail.com, msguj.ac2018@gmail.com

---

**મહિલા સામખ્ય કાર્યક્રમ અંતર્ગત જિલ્લાકક્ષાએ કાર્યકર્તાઓની ભરતી માટે નીચે પ્રમાણે યોગ્ય લાયકાત ધરાવતા ફક્ત મહિલા ઉમેદવારો પાસેથી અરજીઓ મંગાવવામાં આવે છે.**

---

**જગ્યાનું નામ :- મદદનીશ રાજય કાર્યક્રમ નિયામક (Assistant Programme Director)**

**નિમણૂકનું સ્તર** :- ૧૧ માસના કરાર આધારિત જગ્યા જેમાં ૪ માસ અજમાયશી સમય(પ્રોબેશન) ઉપર રહેશે.

**શૈક્ષણિક લાયકાત** :- માન્ય યુનિવર્સિટીમાથી અનુસ્નાતકની પદવી (સમાજવિદ્યા/સમાજ સેવામાં ઇચ્છનીય) ઓછામાં ઓછા ૬૦% અનિવાર્ય. કોમ્પ્યુટરનું જ્ઞાન ફરજિયાત. (CCCની પરીક્ષા પાસ કરેલ)

**અનુભવ** :- આશરે ૧૦ વર્ષનો અનુભવ હોવો જરૂરી છે. મહિલા વિકાસ અથવા ક્ન્યાઓના શિક્ષણક્ષેત્રે કામ કરવાનો અનુભવ, અંતરિયાળ વિસ્તારમાં કામ કરવાનો અથવા તાલીમનો અનુભવ આવકાર્ય છે, મહિલા ઉમેદવાર જે સમર્પણની ભાવના સાથે ગરીબ અને ગ્રામ્ય મહિલાઓના સશક્તિકરણનું કામ કરી શકે, મહિલાઓને લગતા વિકાસના પ્રશ્નોની સમાજ, વ્યૂહાત્મક આવડત તથા સર્જનાત્મક વિચારધારા ધરાવતા હોય, નાણાકીય તથા વહીવટી કુશળતા ધરાવતા હોય તથા રાજ્ય કાર્યક્રમ નિયામકશ્રીની ગેર હાજરીમાં કાર્યક્રમને સાંભળવાની આવડત.

**ભાષાકીય જ્ઞાન** :- ઉમેદવારનું ગુજરાતી અને અંગ્રેજી પર પ્રભુત્વ હોવું જરૂરી છે. ગુજરાતી તથા અંગ્રેજીમાં દસ્તાવેજીકરણની આવડત જરૂરી છે. હિન્દી તથા અન્ય ભાષાઓની જાણકારી જમા પાસું ગણાશે.

**વય મર્યાદા** :- ૩૫ વર્ષ અને તેથી વધુ (મહત્તમ ૫૮ વર્ષ સુધી)

**નિમણુકનું સ્થળ** :- અમદાવાદ

**માનદ વેતન** :- રૂ.૧૮,૦૦૦/- થી રૂ.૨૨,૦૦૦/- માસિક વેતન રહેશે.

જે ઉમેદવારો પાસે ઉપરોક્ત લાયકાત ન હોય તેમણે અરજી કરવી નહીં. જે કર્મચારી સરકારી/અર્ધ સરકારી સ્વાયત સંસ્થાઓમાં કામ કરતાં હોય તેમણે મૌખિક પરીક્ષા (ઇન્ટરવ્યુ) વખતે તેમના ખાતાના વડા પાસેથી લેખિતમાં ના વાંધા પ્રમાણપત્ર આપવાનું રહેશે.

**શરતો:-**

૧) કોઈપણ પ્રકારની લાગવગ કે દબાણનો ઉપયોગ કરનારની અરજી ગેરલાયક ગણવામાં આવશે.

૨) ફ્ક્ત પસંદ કરાયેલ ઉમેદવારને ઇન્ટરવ્યુમાં બોલાવવામાં આવશે. આ અંગેનો અંતિમ નિર્ણય મહિલા સામખ્ય સોસાયટી, ગુજરાત - રાજ્ય કચેરીનો રહેશે.

૩) આ જગ્યા ૧૧ માસના કરાર આધારિત છે તેમજ દરેક કાર્યકર્તાની નિમણૂક માનદ કાર્યકર્તા તરીકે આપવામાં આવશે.(આ જગ્યા બદલીને પાત્ર છે.)

૪) ઉમેદવારોએ ઓનલાઈન અરજીમાં બધા જ પ્રમાણિત શૈક્ષણિક લાયકાત-અનુભવના પ્રમાણપત્ર સામેલ કરવાના રહેશે.

૫) ઓનલાઇન કરેલ અરજીના નંબરની પ્રિન્ટઆઉટ, નિયત લાયકાત-ઉંમર-અનુભવના પ્રમાણપત્રોની પ્રમાણિત નકલ તેમજ અસલ પ્રમાણપત્રો વગેરે ઇન્ટરવ્યુ સમયે ઉમેદવારે રજુ કરવાના રહેશે.

૬) દરેક ઉમેદવારોએ અરજી જાહેરાત પ્રસિદ્ધ થયેથી ૦૯ એપ્રિલ, ૨૦૨૧(બપોરે ૧૨:૦૦ કલાકથી શરૂ) થી ૨૯ એપ્રિલ, ૨૦૨૧ (રાત્રે ૨૩.૫૯ કલાક સુધી) સુધીમાં ફક્ત ઓન લાઇન http://msgujarat.com/ ની લીંક ઉપર જઇ JOB APPLICATION પર ક્લિક કરી કરવાની રહેશે. આ જાહેરાતના સંદર્ભેમાં માત્ર **ઓનલાઇન(ONLINE)**અરજીઓ જ સ્વીકારવામાં આવશે.

૭) એકથી વધુ જગ્યા માટે ઉમેદવારી નોધાવવા માટે દરેક જગ્યાની અલગ-અગલ અરજી કરવાની રહેશે.

**ઓનલાઈન જાહેરાત નં - MSSGAPD001**

રાજ્ય કાર્યક્રમ નિયામક
મહિલા સામખ્ય ગુજરાત
અમદાવાદ